Form No. :

# VADODARA GAS LIMITED

**A Joint Venture Company of Gail Gas Ltd. & VMSS**

Corporate Office :3rd Floor, GAIL India Ltd. Old Padra Road, Vadodara.
Registered Office :Dandya Bazar Main Road, Vadodara.
Website : www.vgl.co.in

**ફોર્મ ફી રૂા.૨૦/-**

## REGISTRATION FORM FOR SUPPLY OF PIPED NATURAL GAS TO DOMESTIC CUSTOMER

### ફક્ત ઓફિસના ઉપયોગ માટે For Office use only

અરજી ફોર્મ નંબર :
Application No. : __________________

તારીખ
Date of Receipt : : ___/___/____

સાહેબશ્રી,

હું / અમો ........................................................................ કાનુની રીતે આ રહેઠાણ / જગ્યાના માલિક છીએ અને અમે નીચે મુજબના સરનામે દર્શાવેલી જગ્યાએ કુદરતી ગેસ મેળવવા નોંધણી કરવા ઈચ્છીએ છીએ.

Sir,

(1) I/We _________________________ is/are lawful owner(s)/occupant(s) of the residential premises, wish to register for supply of piped natural gas to one designated place in the premises / property located at address mentioned below:

**(Please fill the form in BLOCK letters) (મહેરબાની કરીને આ ફોર્મ કેપીટલ અક્ષરમાં ભરો)**

| | | | |
|---|---|---|---|
| પુરું નામ : Name in full : | અટક (Surname) | પોતાનું નામ (First Name) | પિતા/પતિનું નામ (Middle Name) |
| ઘરનો ફોન નંબર : Phone No.(R) : | | મોબાઈલ નંબર : Mobile No. : | |
| e-mail ID : | | વ્યવસાય Profession : | |
| સરનામું : Address | શહેર City : Pin Code : | | |
| કોર્પોરેશન વોર્ડ નંબર : Total Number of Family Members | | | |
| વધારાના રસોડામાં અથવા બાથરૂમમાં જોઈતા પોઈન્ટ/Requested No. of extra Kitchen or Geyser Point | | | |
| રસોડા માટે પોઈન્ટ (વધુમાં વધુ ૨) : Kitchen Point (Max.2) : | | ગિઝર પોઈન્ટ (વધુમાં વધુ ૧) : Geyser Point (Max.1) : | |

### રીસીપ્ટ

| | | |
|---|---|---|
| ગ્રાહકનું નામ | | અરજી ફોર્મ નંબર : |
| સરનામું | | તારીખ : |
| | | કોર્પોરેશન વોર્ડ : |

આ સાથે રૂા. ૧૦૮૦/- પુરા રોકડા અથવા ડી.ડી. નંબર________________ બેંક________________ તારીખ__________ થી ___________ મળેલ છે.

Receipt No. :

લેનારની સહી/સિક્કો

| **પુરાવા/દસ્તાવેજની ખરાઈ કરવા માટે (For Verification)** | |
|---|---|
| ૨ એ) ઘર અંગે સાબિતી માટે નીચેના પુરાવાઓ/દસ્તાવેજોમાંથી કોઈપણ બે પુરાવાઓની ઝેરોક્ષ નકલ જોડવી.<br>2 a) Attach photocopy of any two of the following document as a proof of residential address (Please tick). | |
| ૧) 1) રેશન કાર્ડ / Ration Card | ૪) 4) ચૂંટણી ઓળખકાર્ડ / Election Identity Card |
| ૨) 2) છેલ્લું ભરેલું ઈલેક્ટ્રીક બીલ / Latest Electricity Bill | ૫) 5) સોસાયટી પ્રમાણપત્ર / Society Certificate |
| ૩) 3) પોતાની માલિકીની મિલકત / દસ્તાવેજોની નકલ<br>Ownership of Property<br>(Registered deed/Sale deed) | ૬) 6) સ્થાનિક મ્યુનિસીપલ (ઘરવેરાની રસીદ) - ફરજીયાત<br>Latest House Tax Bill (Local Municipal)–Mandatory |
| ૨ બી) "વડોદરા ગેસ લિમિટેડ" ના નામે રૂા. ______________ નો પે ઓર્ડર અથવા ચેક<br>2 b) Pay Order or Cheque of Rs. ______________ in favour of Vadodara Gas Ltd. | |

**(એકરાર / નિવેદન / સંમતિ / અનુમતિ) Consent / Declaration**

❖ જો રહેઠાણ ભાડે હોય તો નીચે પ્રમાણેનું નિવેદન રજુ કરવું.

❖ If rented, then kindly provide the declaration (consent of owner) as under.

**ઘરાના માલિકની સંમતિ Consent of Owner**

હું પોતે ઉપર મુજબ દર્શાવેલી રહેઠાણ /જગ્યાની માલિકી ધરાવું છું અને હું આથી જણાવું છું કે ઉપર મુજબ દર્શાવેલી જગ્યા/રહેઠાણમાં વડોદરા ગેસ લિમિટેડ દ્વારા કુદરતી ગેસ જોડાણ મેળવવા માટે અને પાઈપલાઈન નાખવામાં મને કોઈ વાંધો નથી.

I am the owner of above-mentioned property/site & I hereby declare the I have no objection is VADODARA GAS LIMITED carrying out pipe line activities for providing piped natural gas connection at above mentioned property/site.

ઘરના માલિકનું નામ Owner's name : ______________________________

ઘરના માલિકની સહી Owner's Signature : ______________ ફોન નંબર : Phone No.: ______________

૩) આ બધી માહિતીઓ ખરી અને યોગ્ય છે. મેં/અમે "વડોદરા ગેસ લિમિટેડ"ની તમામ કરારગત શરતો વાંચી છે અને સમજી છે તથા અને કોઈપણ શરત વગર અમો તેનો સ્વીકાર કરીએ છીએ.

3) All information provided is true and correct. I/We have read and understood the terms and conditions and will unconditionally abide by the same.

૪) આ સાથે કરારગત શરતોને આધીન ______________ બેંકનો તા.______________ નો ______________ નંબર ધરાવતો ચેક/ડીડી/ પે ઓર્ડર/ રોકડેથી "વડોદરા ગેસ લિમિટેડ" ના નામે રજીસ્ટ્રેશન ચાર્જિસ તરીકે જોડેલ છે/ આપેલ છે

4) Please find enclosed Pay Order/Cheque No. __________ dated __________ drawnon ______________ favouring VADODARA GAS LTD for the sum of Rs. ______________ towards Registration Charges.

૫) બાથરૂમનાં પોઈંટનું *કનેકશન કંપનીના નિયમોનુસાર (*તકનીકી શકયતાને આધારે) આપવામાં આવશે.

**તારીખ :**
**Date:**

**આપનો વિશ્વાસુ,**
**Yours faithfully,**

(આવેદકની સહી)
**(Signature of the Applicant)**

* ફોર્મ પરત કરવાના સમયે રૂા. ૧૦૮૦/- રોકડે અથવા ડી.ડી. થી ચુકવવાના રહેશે, જેમાંથી રૂા. ૧૦૦૦/- ડીપોઝીટ તરીકે જમા લેવામાં આવશે.

# વડોદરા ગેસ લિમિટેડ

## ઘરગથ્થુ વપરાશ માટે ગ્રાહકને / ગ્રાહકોને પાઈપલાઈન દ્વારા કુદરતી ગેસ પુરો પાડવા માટેની શરતો

વડોદરા ગેસ કંપની લિમિટેડ (હવે પછી, અહીં જેનો ઉલ્લેખ 'ગેસ પૂરો પાડનાર' કંપની તરીકે કરવામાં આવ્યો છે.) અને રજિસ્ટ્રેશન ફોર્મમાં જેમનું નામ જણાવ્યું છે તે અરજદાર (હવે પછી અહીં જેનો ઉલ્લેખ 'ગ્રાહક' તરીકે કરવામાં આવ્યો છે.) વચ્ચે પાઈપલાઈન કુદરતી ગેસ (હવે પછી અહીં જેનો ઉલ્લેખ 'પીએનજી' તરીકે કરવામાં આવ્યો છે) પૂરો પાડવા માટે જે શરતો અંગે સંમતિ સધાયેલ છે, તેની નીચે પ્રમાણે છેઃ

(૧) ગ્રાહક, રજિસ્ટ્રેશનમાં જણાવેલા ચાર્જ સરનામે આવેલા મકાન-વિસ્તારમાં એક નિશ્ચિત કરેલી જગ્યાએ અને તે જગ્યા સુધી, ગેસ પુરો પાડનાર કંપની દ્વારા પુરો પાડવામાં આવનાર પીએનજી ખરીદવા સંમત થાય છે.

(૨) ઉપર્યુક્ત રજિસ્ટ્રેશન ફોર્મમાં જણાવ્યા પ્રમાણે ગ્રાહક દ્વારા ચુકવવામાં આવેલ, પરત મળવાપાત્ર એવા રજીસ્ટ્રેશન અને કનેકશન માટેની સિકયુરીટી ડીપોઝીટ (કોઈપણ વ્યાજ મળવાપાત્ર એવા રજીસ્ટ્રેશન અને કનેકશન માટેની સિકયુરીટી ડીપોઝીટ (કોઈપણ વ્યાજ વગર) એવી ડીપોઝીટની રકમ પ્રાપ્ત થયા પછી પીએનજી પુરો પાડવામાં આવશે. રજીસ્ટ્રેશન ચાર્જ વસૂલ થયા પછી (ગેસ પૂરો પાડનાર) કંપની ઉક્ત ગ્રાહકના વિસ્તારમાં/ લત્તા અથવા સોસાયટીમાં ગેસ પૂરો પાડવાનું શરૂ કરે ત્યારે પીએનજીનો પુરવઠો પ્રાપ્ત કરવા માટે ઉક્ત ગ્રાહકનો અગ્રહક્ક રહેશે. આમ છતાં, પીએનજીનો પુરવઠો પૂરો પાડવાનું શરૂ કરવાનું ગેસ પૂરો પાડનાર કંપની માટે શક્ય ન હોય અને તે ઉક્ત ગ્રાહકને કાયમ માટે પુરવઠો પૂરો પાડવાનું નહી નક્કી કરે તો ગેસ પૂરો પાડનાર કંપનીએ કોઈપણ કારણ જણાવ્યા સિવાય, ઉક્ત ગ્રાહકનો આવા ચાર્જ પરત કરવાના રહેશે.

(૩) ગ્રાહકે પીએનજીનો ઉપયોગ ફક્ત તેના પોતાના ઘરવપરાશ માટે જ કરવાનો રહેશે અને તે અન્ય કોઈપણ વ્યક્તિ, સ્થળ કે મકાન વિસ્તારને કોઈપણ સંજોગોમાં, ગેસ પૂરો પાડી શકશે નહિ. આ કરાર હેઠળના હક્ક અથવા અધિકાર બીજાને નામે કરી કે ચઢાવી શકશે નહિ. ગ્રાહક હેઠળની અથવા તેના વતી માગનાર કોઈપણ વ્યક્તિને પીએનજી પૂરો પાડવાનો હક્ક, એકમાત્ર ગેસ પૂરો પાડનાર કંપનીને, અને તેને યોગ્ય લાગે એવી શરતોને આધીન રહેશે. ઉક્ત ગ્રાહકના અવસાન અથવા મકાન વેચાણના સંજોગોમાં, એના સ્થાને તેના કાયદેસરના વાલી/ વારસોને ગેસ પૂરો પાડનાર કંપનીના વિકલ્પે મૂકી શકાશે.

(૪) પીએનજી પૂરો પાડવાના હેતુ માટે ઉપયોગમાં લેવાયેલ પીએનજી એપ્લાયન્સ વાલ્વ સુધી અને સહિત તમામ પાઈપ-કામ ફિટસ અને મીટર ગેસ પૂરો પાડનાર કંપની પોતે પૂરાં પાડશે અને, તે ગેસ પૂરો પાડનાર કંપનીની મિલકત રહેશે તથા ગ્રાહક આવી મિલકતોનો કસ્ટોડીયન રહેશે. ગ્રાહકને ગેસ પૂરો પાડનાર કંપનીની ઉક્ત મિલકત પર, કે તેના આધાર માળખા પર કોઈ માલિકી-હક્ક કે તેનો ઉપયોગ કરવાનો કોઈ હક્ક-દાવો રહેશે નહીં અને તે મિલકતને કોઈપણ લિયન કે ગીરો કે હક્ક-બોજો કે ટાંચને આધીન બનાવી શકશે નહીં. ગેસ પૂરો પાડનાર કંપની એક થી વધુ ગ્રાહકોને પીએનજી પૂરો પાડવા માટે પોતાની મિલકતોનો ઉપયોગ કરવા માટે હકદાર રહેશે. પીએનજી પુરો પાડવાની રીતે અને પધ્ધતિ સંપૂર્ણપણે ગેસ પૂરો પાડનાર કંપનીનાં વિવેકાધિકારમાં રહેશે.

(૫) આવી મિલકતની બાબતમાં, ગ્રાહક પોતે હસ્તક્ષેપ કરશે નહિ કે ગેસ પુરો પાડનાર કંપનીના અધિકૃત પ્રતિનિધિઓ સિવાય અન્ય કોઈપણ વ્યક્તિઓને હસ્તક્ષેપ કરવાની પરવાનગી આપશે નહીં. મીટર-વાંચન, નિભાવ, તપાસ, ચકાસણી, વધારાના રસોઈ અથવા ગીઝર માટેના પોઈન્ટ આપવાની વગેરે જેવી કામગીરી કરવા માટે કંપનીના આવા અધિકૃત પ્રતિનિધિઓ જેમ અને જ્યારે જરૂર પડે, તેમ અને ત્યારે ગ્રાહકના મકાન વિસ્તારમાં આવ-જા કરી શકશે. આ શરતોના ભંગ બદલ રૂા.૫૦૦/- નો દંડ કરવામાં આવશે.

(૬) ગેસ પૂરો પાડનાર કંપની કોઈપણ કારણ આપ્યા વિના રજીસ્ટ્રેશન માટેની આ અરજીનો સ્વીકાર કે અસ્વીકાર કરવાનો કે ગ્રાહકને પીએનજી પૂરો પાડવાનું ગમે ત્યારે બંધ કરવાનો પોતાનો હક્ક અનામત રાખે છે.

(૭) ગ્રાહકને ઘનત્વની માત્રાની બાબતમાં સુસંગત અને સંતોષકારક ધોરણનો પીએનજી પૂરો પાડવા માટે, ગેસ પૂરો પાડનાર કંપની તમામ વાજબી પગલાં લેશે. આમ છતાં, ગેસ પૂરો પાડનાર કંપનીના કાબુ બહારના કોઈપણ કારણસર અથવા નિભાવ કે મરામત વગેરે માટે પુરવઠો પૂરો પાડવાનું મોકૂફ રાખવાને લીધે થયેલા કોઈપણ વિલંબ, નુકસાન, ખર્ચ અથવા પડેલી અગવડ બદલ ગેસ પૂરો પાડનાર કંપની જવાબદાર રહેશે નહીં.

(૮) ગ્રાહકે, પોતે વાપરેલા પીએનજીની કિંમત, ગેસ પૂરો પાડનાર કંપનીએ બિલમાં નક્કી કરેલા દરે ચુકવવાની રહેશે. નક્કી કરવામાં આવેલા દર ગ્રાહકને પ્રકાર અને વિસ્તાર પર આધાર રાખશે અને એક માત્ર ગેસ પૂરો પાડનાર કંપનીના વિવેકાધિકાર મુજબ, ગ્રાહકને અગાઉથી જાણ કર્યા વિના ગમે ત્યારે જુદા જુદા રહેશે અથવા સુધારવામાં આવશે.

(૯) ગેસ પૂરો પાડનાર કંપનીએ વખતોવખત નક્કી કર્યા પ્રમાણે ચાર્જ અને અન્ય કોઈપણ ચાર્જ આપવાના રહેશે.

(૧૦) પીએનજીનાં મીટરથી નોંધાયેલ ખરેખર વપરાશના ધોરણે દર બે મહીને બિલ તૈયાર કરવામાં આવશે અને તેમાં લાગુ પડવા પાત્ર તમામ કર, ડયુટી, ઉપકર અથવા અન્ય કોઈપણ ચાર્જ સહિત ગેસ પૂરો પાડનાર કંપની દ્વારા વસૂલ કરવાપાત્ર, અન્ય ચાર્જનો સમાવેશ થશે. આ કોન્ટ્રાક્ટ હેઠળ તમામ કર, ડયુટી, ઉપકર અને આવા અન્ય ચાર્જની તમામ ચુકવણીઓ ગ્રાહકે કરવાની રહેશે અને ભવિષ્યમાં કોઈપણ સત્તાધિકારી કે સત્તાતંત્ર દ્વારા ગેસ પૂરો પાડનાર કંપની પાસેથી માંગવામાં કે કંપની પર નાખવામાં આવે અને ગેસ પૂરો પાડનાર કંપની દ્વારા ગ્રાહક પાસેથી તે વસુલ કરવામાં આવી ન હોય, તો આવી તમામ રકમો ભરપાઈ કરી આપવાની પણ તે બાંહેધરી આપે છે. ગેસ પૂરો પાડનાર કંપનીએ મીટર-વાંચન માટે ગોઠવણ કરી હોય તે સમયે ગ્રાહકના મકાન વિસ્તારને તાળું મારેલું હોય તેથી અથવા ત્યાં જઈ શકાય તેમ ન હોય તેથી અન્ય કોઈ કારણસર ખરેખર મીટર-વાંચન થઈ શકે તેમ ન હોય તો, દ્વિ માસિક બિલ, આગલી વારના દ્વિમાસિક બિલના મૂલ્યને આધારે તૈયાર કરવામાં આવશેઃ અને તફાવતની રકમનો હિસાબ મેળ પછીના ખરેખર બિલના આધારે કરવામાં આવશે.

(૧૧) ગ્રાહકે, ગેસ પૂરો પાડનાર કંપની દ્વારા તૈયાર કરવામાં આવેલા બિલની લેણી થતી રકમની ચુકવણી, બિલમાં વિગતવાર જણાવેલી તારીખના રોજ કે તે પહેલાં કરવાની રહેશે. અંશતઃ ચુકવણી સ્વીકારવામાં આવશે નહીં. બિલની ચુકવણીમાં કોઈપણ કસૂર થયેથી દા.ત. ચુકવણીમાં વિલંબ કરવા બદલ બિલમાં જણાવેલી રકમ દંડ / વળતર તરીકે ભરવાની થશે.

(૧૨) બે કરતાં વધુ બિલો ચૂકવવાનાં બાકી રહેશે અથવા રૂ. ૧૦૦૦/- કરતાં વધારેનું લેણું હશે તો કોઈપણ જાતની જાણ કર્યા વિના પીનએનજી નો પુરવઠો બંધ કરી દેવામાં આવશે. લાગુ પડવાપાત્ર વ્યાજ અને દંડની ચુકવણી સહીત, બાકી રહેલાં તમામ લેણાં ભરપાઈ થયા પછી જ પુરવઠો ફરીથી ચાલુ કરવામાં આવશે. ગ્રાહક દ્વારા આ કોન્ટ્રાકટની શરતો પેકી કોઈપણ શરતનો ભંગ થયેથી અથવા ગેસ પૂરો પાડનાર કંપનીની મિલકતને કંઈપણ નુકશાન કે તોડફોડ થયેથી પણ પીએનજીનો પુરવઠો બંધ કરી દેવામાં આવશે અને પુરવઠો ફરીથી ચાલુ કરવો કે નહીં એ બાબત એકમાત્ર ગેસ પૂરો પાડનાર કંપનીના વિવેકાધિકાર પર આધાર રાખશે અને તે (પુરવઠો) ફરી ચાલુ કરવા માટે કંપની પોતાને યોગ્ય લાગે તેવી શરતો કરી શકશે. બિલની ચુકવણીમાં વારંવાર વિલંબ કે કસૂર થયેથી ગ્રાહકને અપાતો પીએનજીનો પુરવઠો કાયમી ધોરણે બંધ કરી દેવામાં આવશે.

(૧૩) આથી ગ્રાહક એવો એકરાર કરે છે કે, પોતે જરૂરી હોય એવી તમામ પરવાનગીઓ, મંજુરીપત્રો, સંમતિઓ અથવા NOC નો ઓબ્જેકશન સર્ટીફીકેટ મેળવ્યાં છે અને સંબંધિત તમામ વ્યક્તિઓ અને સત્તા-તંત્રોએ અને સત્તા-તંત્રોએ ઘડેલા બધા નિયમો અને વિનિમયોનું પાલન કરશે તેમજ પોતે ઉક્ત મકાન - વિસ્તાર ખાતે પીએનજીનો પુરવઠો મેળવવા માટે કાયદેસર રીતે હકદાર છે તેમજ પીએનજીનો ઉપયોગ ફક્ત કાનુની અને કાયદેસર માન્ય હેતુઓ માટે જ કરશે.

(૧૪) ગ્રાહકે પીએનજી જે સ્થળે પૂરો પાડવાનો હોય તે જગ્યા નક્કી કરીને અને જરૂરી એવી 'પરવાનગી' (નો ઓબ્જેકશન સર્ટીફીકેટ) વગેરે મેળવીને જાણ કરવાની રહેશે અને તે પછી તેમાં કોઈપણ ફેરફાર કે સુધારા થઈ શકશે નહીં. ગેસ પૂરો પાડનાર કંપની પાઈપો અને અન્ય ફીટીંગો ફીટ કરી શકે તે માટે ગ્રાહક તેને પૂરેપૂરી જગ્યા તેમજ અવરજવર કરવા માટેની જગ્યા પૂરી પાડવાની સંમતિ આપે છે. કોઈ ખાડા કે ખાઈઓ ખોદવામાં આવ્યા / આવી હોય અથવા દીવાલ કે ભોંયમાં અને એવાં અન્ય કામમાં કાણાં પાડવામાં આવ્યાં હોય તો તે યથાવત કરવાની તેમજ આવા કામ સાથે સંકળાયેલી તમામ પ્રકારના જોખમોની સંપૂર્ણ જવાબદારી એકમાત્ર ગ્રાહકની રહેશે. ગ્રાહકને બીજી કોઈપણ જગ્યાએ પીએનજીનો પુરવઠો જોઈતો હોય તો એના માટે તેણે નવી અરજી કરવાની રહેશે અને ગેસ પૂરો પાડનાર કંપની પોતાને યોગ્ય લાગે એવી શરતોથી એને ત્યાં પીએનજી પૂરો પાડશે.

(૧૫) પીએનજીના પુરવઠામાં કોઈપણ ખામીઓ કે લીકેજ હોય તો ગેસ પૂરો પાડનાર કંપનીનું તાત્કાલિક ધ્યાન દોરવાની ગ્રાહકને ફરજ રહેશે એકવાર પીએનજી ગ્રાહકના મકાન-વિસ્તારની હદમાં પ્રવેશ કરે એટલે ગ્રાહક પીએનજીના સંપૂર્ણ કબજામાં અને નિયંત્રણમાં ગણવામાં આવશે અને તેથી, કોઈપણ લીકેજ માટે ગ્રાહકની સંપૂર્ણ જવાબદારી રહેશે અને તેને (લીકેજ) પરિણામે કોઈપણ વ્યક્તિ કે મિલકતને સીધું કે આડકતરૂ નુકશાન થશે તો તેની જવાબદારી પણ ફકત જે તે ગ્રાહકની જ રહેશે. પુરવઠો બંધ હોવા છતાં, કોઈપણ કારણસર ગ્રાહક પર આરોપણ કરી શકાય તેમ હોય તેવા કંપનીને થયેલ નુકશાન, તૂટ, ફૂટ, કાર્યવાહીઓ કે હક્ક-દાવા સામે, ગ્રાહક, ગેસ પૂરો પાડનાર કંપનીને નુકશાન ભરપાઈ કરી આપશે.

(૧૬) ગ્રાહકને અગાઉથી નોટીસ આપ્યા વિના તમામ અથવા શરત સુધારવાનો કે તેમાં ફેરફાર કવરાનો હક્ક ગેસ પૂરો પાડનાર કંપની અનામત રાખે છે. ગેસ પૂરો પાડનાર કંપની આવા સુધારા / ફેરફારની જાણ, પોતાને યોગ્ય લાગે તે રીતે, જાહેર કે વ્યક્તિગત નોટીસ આપીને કરશે.

(૧૭) ગેસ પૂરો પાડનાર કંપની, ગ્રાહકને વ્યક્તિગત કે જાહેર નોટીસ આપીને પોતાના કોઈપણ કે તમામ હક્ક અને જવાબદારીઓ અન્ય કોઈપણ, નિયમિત મંડળને સોંપી દેવાનો કે તબદીલ કરવાનો પોતાનો હક્ક અનામત રાખે છે.

(૧૮) ગેસ પૂરો પાડનાર કંપનીને ગેસનો ઘરગથ્થુ વપરાશ કરતા તમામ ગ્રાહકોને લાગુ પડવાપાત્ર હોય એવી, પુરવઠો પૂરો પાડવાની સામાન્ય શરતો ઘડવાનો, તેમાં ફેરફાર કરવાનો, કે તે સુધારવાનો હક્ક રહેશે. આવી રીતે ઘડવામાં અને વખતોવખત સુધારવામાં આવેલી આવી સામાન્ય શરત, ગ્રાહકને બંધનકર્તા રહેશે અને તેને આ કરારના ભાગરૂપ ગણવાની રહેશે. આ સામાન્ય શરતની જાણ ગ્રાહકને જાહેર નોટીસથી કરવાની રહેશે. કોઈ વિસંગતતાની બાબતમાં અહીં જણાવેલી શરતો પર ઉક્ત સામાન્ય શરતો પ્રવર્તમાન રહેશે.

(૧૯) આ કરાર, ઉક્ત મકાન-વિસ્તારમાં ગ્રાહકની સાથે રહેતા તમામ સભ્યોને અને તેના કાયદેસરના વાલી અથવા વારસને બંધનકર્તા ગણાશે તેમજ આ કરારની કોઈપણ શરત (તો) ના ભંગ બદલ તેઓ પોતે જ આ કરાર હેઠળ હોય એ રીતે વ્યક્તિગત અને સંયુક્ત રીતે જવાબદાર રહેશે.

(૨૦) આ કરારની મુદત, પુરવઠો શરૂ કર્યાની, બિલમાં કે ડેબીટનોટમાં જણાવેલી તારીખથી એક વર્ષની રહેશે અને ગેસ પૂરો પાડનાર કંપની ગ્રાહક પાસેથી વાર્ષિક કરાર રિન્યુ કરવાના ખર્ચની માંગણી કરે ત્યારથી, ગેસ પૂરો પાડનાર કંપનીના વિકલ્પે, વધુ એક વર્ષની મુદ્દત માટે રિન્યુ કરવાનો રહેશે. નીચેની બાબતોમાં કાયદા અથવા કરાર હેઠળ કે અન્યથા, ગેસ પૂરો પાડનાર કંપનીના અન્ય હક્ક / અધિકારને બાધ આવ્યા વિના, ગેસ પૂરો પાડનાર કંપની, ગમે ત્યારે, તાત્કાલિક નોટીસ આપ્યા વિના ગ્રાહકને અપાતો પીએનજીનો પુરવઠો બંધ અને કરાર સમાપ્ત કરી શકશે. જો -

- (૧) એનો પુરવઠો કાયમ માટે બંધ કરવામાં આવ્યો હોય અથવા
- (૨) આ કરારની શરતો મુજબ, ગ્રાહકે, ગેસ પૂરો પાડનાર કંપનીને એની લેણી કોઈપણ રકમની ચુકવણી ન કરી હોય અને / અથવા અન્યથા એની ચુકવણી માટે લેણી થતી તારીખથી ૯૦ દિવસની અંદર ચુકવણી કરી ન હોય અથવા
- (૩) ગ્રાહકે પોતાની ફરજો પૈકી કોઈપણ ફરજનું પાલન કર્યું ન હોય અને / અથવા કરારની એના ભાગે આવતી કોઈપણ બોલી કે શરતનું પાલન કર્યું ન હોય, કામગીરી કરી ન હોય કે તે કામ પરીપુર્ણ કર્યું ન હોય અથવા
- (૪) ગ્રાહકનું અવસાન થયું હોય અથવા તે ગાંઠો કે નાદાર થઈ હોય ત્યારે તેનો કાયદેસરનો વારસ, ગેસ પૂરો પાડનાર કંપનીને, આવો પ્રસંગ બને ત્યારે જરૂરી હોય એવા દસ્તાવેજો, કંપની સમક્ષ રજૂ ન કરે અથવા
- (૫) રજીસ્ટ્રેશન ફોર્મમાં ગ્રાહકે પૂરી પાડેલી વિગતો જુઠી અથવા ખોટી માલૂમ પડે અથવા
- (૬) ગ્રાહક દ્વારા, ગેસ પૂરો પાડનાર કંપનીની પરવાનગી વિના સતત ૨૬ સપ્તાહની મુદ્દત માટે પીનએનજીની વપરાશ કરવામાં આવી ન હોય અથવા
- (૭) ગ્રાહક, ગેસ પુરો પાડનાર કંપનીની મીટર સહિતની મિલકત સાથે ચેડાં અથવા થોડાક ફેરફાર કે તેના સ્વરૂપ કે સ્થિતિ ઈત્યાદિમાં ફેરફાર કરી અથવા
- (૮) ગ્રાહક દ્વારા બિલ ભરવાની બે મુદત દરમિયાન કરાર તાજો કરવાના વાર્ષિક રિન્યુઅલ ચાર્જની ચુકવણી કરવામાં આવી ન હોય અથવા
- (૯) આ અરજી સ્વીકારવામાં આવી ન હોય અથવા પીએનજીનો પુરવઠો પૂરો પાડવાનું કામ કાયમ માટે બંધ કરવામાં આવ્યું હોય.

(૨૧) ગ્રાહક ગેસ પુરો પાડનાર કંપનીને એક મહિનાની લેખિત નોટીસ આપીને પીએનજીનો પુરવઠો બંધ કરવાની વિનંતી ગમે ત્યારે કરી શકશે.

(૨૨) ખંડ ૨૦(૧) થી (૭) હેઠળ કરારનો અંત આણવામાં આવ્યો હોય તે સિવાય, કરાર સમાપ્ત થતાં ગ્રાહક પાસેથી લેણી નીકળતી રકમ સરભર કર્યા પછી ડીપોઝીટની રકમ પરત ચુકવવામાં આવશે. કરાર સમાપ્ત થતાં, ગેસ પુરો પાડનાર કંપનીને ગ્રાહકના મકાન-વિસ્તારમાંથી પોતાને યોગ્ય લાગે ત્યારે ઉક્ત મિલકતો ખસેડવાનો અબાધિત અધિકાર રહેશે અને ત્યાં સુધી ગ્રાહક આવી મિલકતોના કસ્ટોડીયન તરીકે હોવાનું ચાલુ રહેશે.

(૨૩) રજીસ્ટ્રેશન અથવા સીકયોરીટી ડીપોઝીટનું રીફંડ ફક્ત એવા જ કિસ્સાઓમાં કરી શકાશે કે (જરૂરી હિસાબ કર્યા બાદ),

- અ. મકાન સ્થળાંતર કરવાનું થતું હોય
- બ. મકાન પાડવામાં આવતું હોય કે કોમર્શિયલ સંપત્તિમાં પરીવર્તીત થતું હોય.
- ક. ગ્રાહક ભાડુઆત હોય અને મકાન માલિક ભાડા કરારને સમાપ્ત કરવા ઈચ્છતા હોય
- ડ. ગ્રાહકના મૃત્યુના સંજોગોમાં કે જ્યાં ગ્રાહકનો કોઈપણ સગા-સંબંધોઓ તે જ મકાનમાં રહેતા ન હોય.
- ઈ. ગ્રાહક પોતાનું મકાન વેચવા ઈચ્છતા હોય અને નવા મકાન માલિક પીએનજી લેવા સહમત ન હોય.

(૨૪) ના-વાંધા પ્રમાણપત્ર લાવવાની તથા તેની સાથે જોડાયેલ કિંમત ચૂકવવાની પૂરેપૂરી જવાબદારી ફક્ત ગ્રાહકની રહેશે. વીજીએલ ગેસની જવાબદારી આવા સંજોગોમાં કનેકશન આપવાની રહેશે નહીં.

(૨૫) ગ્રાહક કંપનીને લાઈન બીછાવવાની તથા પીએનજી પાઈપ ઈન્સ્ટોલ કરવાની પુરી સત્તા આપશે તથા તેનો રૂટ કંપનીના જણાવ્યા પ્રમાણેનો રહેશે. જો આ બાબતમાં કોઈપણ પ્રકારનો ઝઘડો, કલેઈમ, નોટીસ કે વાંધો પીએનજી પાઈપલાઈનના ઈન્સ્ટોલેશન માટે હોય તો યોગ્ય એજન્સી, સોસાયટી વગેરે પાસેથી ના-વાંધા પ્રમાણપત્ર લાવવાની જવાબદારી ગ્રાહકની રહેશે. જેની ગેરહાજરીમાં પીએનજી કનેકશન આપવાની જવાબદારી કંપનીની રહેશે નહીં.

(૨૬) આ કરાર હેઠળ નરજાતિનો અર્થ સૂચવતાં શબ્દમાં, સંદર્ભથી અનુરૂપ હોય ત્યાં ત્યાં નારી અને નાન્યેતર જાતિઓનો સમાવેશ થયો અને એક વચનમાં વપરાયેલા શબ્દોમાં સંદર્ભથી એવો અર્થ નીકળતો હોય ત્યાં બહુવચનની સંખ્યાનો સમાવેશ થશે.

(૨૭) આ કરારથી ઉપસ્થિત થતાં તમામ વિવાદો, ગેસ પૂરો પાડનાર કંપનીએ નીમેલા એકમાત્ર લવાદને સોંપવામાં આવશે તે એકમાત્ર લવાદ તરીકે તેના પોતાના કર્મચારીની નિમણુંક પણ કરી શકશે. લવાદની બેઠકનું સ્થળ લવાદ પોતે નક્કી કરશે. આમ છતાં, લવાદી અને સમાધાન, અધિનિયમ, ૧૯૯૬ હેઠળ કોઈપણ અરજી કે દાદ અરજી કરવામાં આવે તો એવા કેસમાં, ફક્ત વડોદરામાં ન્યાયાલયોની જ હકૂમત રહેશે.

(૨૮) કોઈપણ સંજોગોમાં સદર રજીસ્ટ્રેશનની રકમ પરત મેળવવાના સંજોગોમાં કોઈપણ પ્રકારનું વ્યાજ ચૂકવવામાં આવશે નહીં તેમજ રૂા.૫૦ વહીવટી ચાર્જ પેટે કપાત કરવામાં આવશે.

(૨૯) ઓન-લાઈન ફોર્મ ડાઉનલોડ કરી જમા કરાવતા ગેસ ગ્રાહકોએ રૂા.૧૧૦૦/- રોકડા અથવા ડી.ડી. (વડોદરા ગેસ લિમિટેડ) થી ચૂકવવાના રહેશે.

**(૩૦) સદર નવિન ગેસ કનેકશનના ફોર્મ માત્ર ને માત્ર વડોદરા શહેરની બેંક ઓફ બરોડાની તમામ શાખામાંથી ફોર્મ ફી આપી મેળવવાના રહેશે. તેમજ જમા નક્કી કરેલ લાગત મુજબ જમા કરાવવાના રહેશે.**

(૩૧) સદર નવિન કનેકશનના ફોર્મ વી.એમ.એસ.એસ.ની વેબસાઈટ **"www.vmc.gov.in"** પરથી ડાઉનલોડ કરી શકાશે, તેમજ વડોદરા ગેસ લિમિટેડની વેબસાઈટ **"www.vgl.co.in"** થી પણ કરી શકાશે.

## એકરાર

હું એ બાબતને સમર્થન આપું છું કે, હું પાઈપ લાઈન દ્વારા કુદરતી ગેસ પૂરો પાડવા માટે વડોદરા ગેસ લિમિટેડને આ અરજી કરવા અધિકૃત છું. આથી હું ભારપૂર્વક જાહેર કરૂ છું કે હું તેમાં દર્શાવેલા ચાર્જ અને દરો સહિત ઉપર્યુક્ત શરતો વાંચી ગયો છું અને સમજ્યો છું અને જણાવું છું કે તે વાજબી છે અને આથી હું તેમનો, બદલી કે રદ કરી ન શકાય એ રીતે, સંપૂર્ણપણે અને શરત વિના સ્વીકાર કરૂ છું અને તદ્નુસાર, આ શરતોનાં સ્વીકાર બદલ મારી સહી કરૂ છું.

ગ્રાહકની સહી
**(Signature of the Consumer)**

તારીખ :
**Date : / /**